વિભાગ - A

[1] બાલણ

[2] 'વનમાં ચાંદલિયો ઊગ્યો' કાવ્યમાં નાયકની સાથે એના મિત્રો પણ છે. માટે એ રોકાવાની ના પાડે છે.

[3] નગરમાં આગ લાગવાથી પંખી ભય અનુભવતું નથી?

[4] પહેલાં છપ્પા દ્વારા અખો એમ કહેવા માંગે છે કે અનુભવજ્ઞાન જ જીવનની અનેક વિટંબણાઓમાંથી બહાર નીકળવાનો સાચો રાહ દર્શાવે છે. અખો ઉંદર અને પંખીના દૃષ્ટાંત દ્વારા આ હકીકત સ્પષ્ટ કરે છે. જો નગરમાં આગ લાગે તો પંખીને તેની કોઈ ચિંતા કે ફરિયાદ હોતી નથી, કેમકે એ આગથી બચવા પોતાની પાંખ વડે ઊડી શકે છે. પોતાની જાતને બચાવી શકે છે. પણ ઉંદર બિચારા ક્યાં જાય? એટલે એ ડરના માર્યા ચૂં-ચૂં કરે છે. તેની પાસે પંખીની જેમ ઊડવાની તાકાત નથી. ટૂંકમાં અનુભવજ્ઞાન જ સંસારની વિટંબણાઓને ઉકેલવાનો એકમાત્ર ઉપાય છે.

[5] નાવિકે સાંભળ્યું હતું કે શ્રીરામની ચરણરજનો મહિમા અપાર છે. એમની ચરણરજના સ્પર્શથી પાષાણ પણ સ્ત્રી બની જાય છે. ઋષિના શાપથી પથ્થર બની ગયેલી અહલ્યા શ્રીરામની ચરણરજના સ્પર્શથી સ્ત્રી બની ગઈ હતી. આથી નાવિકની મૂંઝવણ એ હતી કે એની હોડી ભલે કાષ્ઠની હોય, પણ કાષ્ઠ હોય કે પાષાણ બંને એક જ કહેવાય. એટલે જો એ શ્રીરામને પોતાની હોડીમાં બેસાડે તો શ્રીરામની ચરણરજના સ્પર્શથી એની હોડી સ્ત્રી બની જાય તો શું કરવું? આ હોડી છે જે એની આજીવિકાનું સાધન છે. તે જ છીનવાઈ જાય. આમેય એક પત્ની તો ઘરમાં છે. એમાં વળી બીજી સ્ત્રી આવે તો બંને ખાય શું? એ બંનેના ભરણપોષણની વ્યવસ્થા શી રીતે કરવી? આથી નાવિક સીતા, લક્ષ્મણ અને વિશ્વામિત્ર ઋષિને પોતાની હોડીમાં બેસાડવા તૈયાર થાય છે. પણ એણે શ્રીરામને હોડીમાં બેસાડવાની ના પાડી દીધી.

અથવા

[5] ચંદ્રહાસ એક સોહામણો યુવાન છે. તેના કમળ જેવા સુંદર મુખની ભૃકુટિ ઉપર ભમરા ગુંજારવ કરે છે. ચંદ્રબિંબની પાછળ તારા શોભે એમ એના ગળામાં મોતીનો હાર શોભે છે. પોપટની ચાંચ જેવું એનું નાક તેના અધરબિંબને શોભાવે છે. તેના કાનમાં ચંદ્ર અને સૂર્ય જેવા કુંડળ શોભે છે. એના દાંત દાડમની કળી જેવા છે. તેનો કંઠ કપોત જેવો, હાથ કુંજર (હાથી) જેવા અને હથેળી કમળના રંગ જેવી છે. તેણે બાંય પર બાજુબંધ, બેરખા અને આંગળીઓમાં વીંટી, ઇત્યાદિ ઘરેણાં પહેર્યાં છે. ચંદ્રહાસનાં આવાં રૂપ, રંગ અને તેજથી અંજાઈ ગયેલી વિષયા પર

મળે તેમની ભૂરકી નાખી ન હોય! આવા સોહામણા ચંદ્રહાસ સાથે લગ્ન કરવા વિષયા ઉતાવળી થઈ.

કવિ પ્રેમાનંદે ચંદ્રહાસના દેહસૌંદર્યને ઉપમા, રૂપક અને ઉત્પ્રેક્ષા અલંકારથી શણગારીને તેની કમનીય કાયાનું ચિત્રાત્મક વર્ણન કર્યું છે.

## વિભાગ-B

[6] નવલિકા

[7] બાપુલાલ નાયક

[8] અમુનાં લગ્ન લેવાયાં અને એને વીદી કરી ત્યારે લેખક રડી પડ્યા.

[9] ચીમળાયેલી વિચારી મનતી હતી કે સાંજ થવા આવશે એટલે બાવલો આ જમન અને રમકુ એની મા મફતના ભાઈ આગળ હાંકી લાવશે. એ વખતે એની આખોય 'લીર' ખાનાના ગળ શરીના ભાઈ ચાળીને લઈશું ને પછી બંને જણા વહેંચી લઈશું. આ ઇરાદાથી તેણે સુમનલાલને થોભી જવા કહ્યું.

[10] લેખકની નાની બહેન અમૃતાને સૌ અમુના વહાલસોયા નામથી બોલાવતા. અમૃતા અને તેનો ભાઈ ભાઈ-બહેન ઉપરાંત ગાઢ મિત્રો હતાં. અમુ તોફાની હતી. તેની શરીરની બાંધી સુદૃઢ હતી. તે તંદુરસ્ત હતી. તે તેના સમગ્ર સૌંદર્યનું શિખર હતી. તેનામાં બાળસહજ નિખાલસતા હતી.

અમુની બા નર્મદાએ તેની નાની રાજુબાને સાજુ કરવા કોઈ અવધૂતના શબ્દોમાં વિશ્વાસ મૂક્યો. અને ગળામાં પહેરેલી સોનાની કંઠી અવધૂતને આપી દીધી હતી. આ બનાવને તેણે તરત જ તેની બા ને નિખાલસતાથી કહ્યું. 'મારા ગળામાંથી સોનાની કંઠી કાઢી લે. નહિ તો હું કોઈ સાધુને આપી દઈશ.' અમુને પાંચીકાનો પણ ખૂબ શોખ હતો. એટલું જ નહિ તે પાંચીકા રમવામાં હોશિયાર હતી. તેનો ભાઈ પ્રત્યેનો પ્રેમ અતૂટ હતો. તેણે પોતાને ગમતા અને મનગમતા પાંચીકા ભાઈને લગ્નમાં ભેટ આપી દીધા. અમુએ પોતાના ભાઈ પ્રત્યેના અહોભાવ જમાવ્યો હતો. અમુના લગ્નના ચાર વર્ષ પછી અમૃતા અચાનક બીમાર પડી. પછી સૌને રડતાં મૂકીને એ ચાલી ગઈ. અમુના અસ્થિ અને તેના મનગમતા પાંચીકા પાણીમાં પધરાવતો ભાઈનું અંતર રડતું હતું. પણ એણે તો ભાઈની હસતાં-હસતાં વિદાય લીધી હતી.

અથવા

[10] એક પુરુષ માટે સ્ત્રીના હૈયાને યથાતથ આલેખવી એ અત્યંત કપરું કામ છે. જયશંકરે એની નારી પાત્રો માટે અનેક પ્રયત્નો કર્યાં. કુમુદસુંદરી, કુસુમ, ગુલસુંદરી, અલકકિશોરી, સૌભાગ્યદેવી, મેનારાણી, ચંદ્રાવલીમૈયા જેવા સરસ્વતીચંદ્ર નવલકથાનાં નારી પાત્રોએ તેમના પર કામણ કર્યું હતું. તેઓ અરીસા સામે ઊભા રહી એ પાત્રોનાં વર્ણનને આધારે

…ના દૃશ્યનો ભાવમાં ઉમેરો થવાના સૂચનો કર્યા. આ રીતે તેમને આ દિશામાં એક ડગલું આગળ ભર્યું. એમની ઇચ્છા 'સૌભાગ્યસુંદરી'માં વિખ્યાત 'સુંદરી'ની ભૂમિકાને રંગમંચ પર વધુ જીવંત બનાવવાની હતી. આથી તેઓ ગુજરાતી સાહિત્યની નવલકથાઓ, કાવ્યો, નિબંધો વાંચતા ગયા અને પોતાના અભિનયની ત્રુટીઓ ઉકેલતા ગયા. એ અરસામાં તેમણે શેક્સપિયરની 'ડેસ્ડીમોના' અને 'માલતીમાધવ'માંની 'માલતી'નો અભ્યાસ કર્યો. પરિણામે તેમનાં મનમાં ભજવણીનો એક ચોક્કસ ક્રમ તૈયાર થયો. આમ, સતત છ માસના એકનિષ્ઠ પ્રયત્નો પછી તેઓ 'સુંદરી'ની ભૂમિકામાં એક સ્ત્રીના લાવણ્યની અદ્દલ નકલ ઊઠે એ રીતે સ્ત્રીનું પાત્ર ભજવતા થઈ ગયા.

## વિભાગ - C (વ્યાકરણ આધારિત)

[11] મારાથી શી કરાય તો પેર?
[12] કારકુનથી આ શબ્દો પોસ્તમાસ્તરને કહેવાયા.
[13] અમે બંને આ પરિસ્થિતિ સહી ના શક્યાં.
[14] ચતુર નર! તું ચીન, એક આચરત મેં દીઠું.
[15] જયશંકરે સ્ત્રીનો પોશાક ધારણ કર્યો.
[16] તેજ - પ્રકાશ    તે જ - તે સિવાય કોઈ નહિ.
[17] કાળજ - કાળજું    કાજળ - મેશ
[18] તકરાર - ઝઘડો, કજિયો
[19] રૂપાળી - ઘાટીલી, દેખાવડી
[20] મધુર x કડવું
[21] આશા x નિરાશા
[22] પડવાર - પેસામાં લેવાની ક્રિયા
[23] ત્રિભુવનનાથ - ત્રણેય ભુવનના સ્વામી
[24] ભણી - તરફ
[25] બોન - બેન
[26] વિષાદ
[27] અમૂલ્ય
[28] ત્યારે
[29] ત્યારે

## વિભાગ - D (અર્થગ્રહણ)

[30] દીકરી બાળપણમાં લૂતી કરતી અને રમે ભારણ કરતી. લૈલાવના પીળામાં ઊછરેલી વેલ દીકરી વિના સુકે છે. આ ભોળી બાળા સાત તાળી રમવાનું મન ભૂલી ગઈ છે.

[31] દીકરી [illegible]
શૂની થઈ જતાં રડી રહી છે.

[32] દીકરી ધારે ત્યારે પિયરની ઉંબરો ઓળંગી પિતુની આંગળી ઝાલી પિયરની વસ્તી પસાર કરી રહી છે.

[33] દીકરી વહાલનો દરિયો.

[34] ગાંધીજીના મતે જીવનનું ધ્યેય આત્મસાક્ષાત્કાર કરવાનું અને ઈશ્વરને મોઢામોઢ જોવાનું હતું.

[35] 'સત્ય એ જ ઈશ્વર છે' એ ગાંધીજીની ઈશ્વર વિશે માન્યતા હતી.

[36] ગાંધીજી કલાની બાબતમાં માનતા હતા કે 'જે આત્મ એકતા કરાવી શકે તે કલા નથી.

[37] સત્ય એ જ ઈશ્વર

## વિભાગ-E

[38] પુસ્તકો આપણાં મિત્રો.

- પુસ્તકોથી માહિતી અને જ્ઞાનમાં વધારો થાય છે.
- પુસ્તકોની મૈત્રી જીવનઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે.
- રસ્કિનના 'Unto The Last' પુસ્તકમાંથી ગાંધીજીને સત્યાગ્રહના પ્રેરણા મળી હતી.
- સારા અને અશ્લીલ પુસ્તકોના વાંચનથી ખોટો તીરમાર્ગ દોરાય છે.
- પુસ્તકો સાચું માર્ગદર્શન આપે છે.

[38] સ્વચ્છતાં ત્યાં પ્રભુતા

- જીવનમાં સ્વચ્છતાનું મહત્વ
- શરીરનાં અવયવોને સ્નાન કરતી વખતે સ્વચ્છ કરવા જોઈએ.
- ઘર નિયમિત સાફ કરવું
- ખુલ્લામાં કચરો ફેંકતે ન જવું
- ગાંધીજીએ સ્વચ્છતાને ખુબ મહત્વ આપેલું છે.

[39] તહેવારોનું મહત્વ

- તહેવારો આજની તણાવભરી જીંદગીને હળવી બનાવે છે.
- ભારતમાં દરેક ધર્મનાં લોકો ધાર્મિક, સામાજિક, પ્રાકૃતિક, સાંસ્કૃતિક, રાષ્ટ્રીય વગેરે અનેક પ્રકારના તહેવારો ઉજવે છે.
- ધાર્મિક તહેવારો
- સામાજિક તહેવારો
- પ્રાકૃતિક તહેવાર
- રાષ્ટ્રીય તહેવાર

(૩૫) વૃક્ષારોપણ દિનની ઉજવણી

તારીખ - 05/06/2021

અમારી શાળામાં દર વર્ષે વૃક્ષારોપણ દિન ઉજવવામાં આવે છે. તેથી તો અમારી શાળામાં આજે 100 જેટલાં વૃક્ષો ઉભા છે.

આ વર્ષે 05/06/21 ના રોજ અમારી શાળામાં વૃક્ષારોપણ દિન ઉજવાયો હતો. સવારે 8 વાગ્યે બાળકો શાળાના મેદાનમાં ગોઠવાઈ ગયા. મુખ્ય મહેમાન તરીકે અમારા મંત્રીશ્રી પધાર્યા હતા. અમે અમારી શાળામાં વૃક્ષારોપણ માટે તૈયાર કરેલા ખાડાઓમાં વૃક્ષો રોપ્યા. દરેક વર્ગે બે વૃક્ષોને સાચવવાની અને ઉછેરવાની જવાબદારી સ્વીકારી હતી.

ત્યારબાદ અમારી શાળાના પ્રાર્થનાખંડમાં સભા ભરાઈ. તેમાં મુખ્ય મહેમાને વૃક્ષોનું મહત્વ સમજાવતાં કહ્યું કે "વૃક્ષો આપણું જીવન છે, વૃક્ષો ધરતીની શોભા છે. વરસાદ લાવવામાં અને પ્રદૂષણ ઘટાડવામાં મોટો ફાળો છે. અમારા વર્ગશિક્ષકે આભારવિધિ કરી. પછી નાસ્તો કરીને સૌ વિદાય થયા.

અથવા

(૩૫) પ્રસ્તુત મુક્તકમાં કવિએ અપકારનો બદલો ઉપકારથી વાળવાની પોતાના હૃદયની ભાવના વ્યક્ત કરી છે. તે કહે છે કે ભલેને મારા માર્ગમાં કોઈ કાંટા વાવે, પરંતુ હું તો તેના માર્ગમાં પુષ્પો જ વેરીશ. કવિ બે વાર 'વેરીશ હું' 'વેરીશ હું' કહીને પોતાની નિષ્ઠાને ભારપૂર્વક સમજાવે છે.

માનવ-માનવ વચ્ચેના સંબંધો સુધારવાનો બસ એક જ માર્ગ છે. અને તે છે અપકારનો બદલો ઉપકારથી વાળવાની ઉમદા ભાવના. આપણી બુરાઈનો બદલો ભલાઈથી, દ્વેષનો બદલો પ્રેમથી અને દુશ્મનાવટનો બદલો ભલાઈથી, પ્રેમથી, મૈત્રીથી વાળવાનો પ્રયત્ન કરવાની વાત કરી છે. આપણી એવી ભાવના હોવી જોઈએ કે હું કોઈની ઈર્ષ્યા ન કરું, જેથી મારી પણ કોઈ ઈર્ષ્યા ન કરે.

* * *